અપીલ અરજી નં. ૫૭૨ તા.૨૩–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અનિલભાઈ રામજીભાઈ ધાનાણી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનિલભાઈ રામજીભાઈ ધાનાણીની તા. ૦૩–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ગુમાસ્તા અને વ્યવસાય વેરા હેઠળ લાયસન્સો મેળવવા કયા કયા પુરાવાઓ રજુ કરવાના હોય અને આવા પુરાવાઓમાં વેરાબીલ/રસીદમાં પાવર ઓફ એટર્નીનું નામ હોય તો તે પાવર ઓફ એટર્ની રજુ કરવી ફરજીયાત છે કે નહી તે અંગેની માહિતી (૨) ગુમાસ્તા અને વ્યવસાયવેરાના લાયસન્સો રદ કરવા કાર્યવાહી અંગેની માહિતી અને તે કોણ કરે છે તેની માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૨૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૭૨/૨૦૧૧–૧૨

શ્રી અનિલભાઈ રામજીભાઈ ધાનાણીની તા. ૦૩–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ગુમાસ્તા અને વ્યવસાય વેરા હેઠળ લાયસન્સો મેળવવા કયા કયા પુરાવાઓ રજુ કરવાના હોય અને આવા પુરાવાઓમાં વેરાબીલ / રસીદમાં પાવર ઓફ એટર્નીનું નામ હોય તો તે પાવર ઓફ એટર્ની રજુ કરવી ફરજીયાત છે કે નહી તે અંગેની માહિતી (૨) ગુમાસ્તા અને વ્યવસાયવેરાના લાયસન્સો રદ કરવા કાર્યવાહી અંગેની માહિતી અને તે કોણ કરે છે તેની માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૨૪)ની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ / આરટીઆઈ / ૬૮૮ તા. ૨૩–૧૨–૧૧થી અધુરી, ઉડાઉ અને ખોટી માહિતી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા પ્રોએકટીવ ડીસ્કલોઝર હેઠળની માહિતીની જેવી કે જોગવાઈ વેબ સાઈટ પર પ્રસિધ્ધ છે કે કેમ ? તેવી માહિતી નહી આપવાનું વાજબીપણું તથા એસીબી અંગેની વિગત પણ પ્રોએકટીવ ડીસ્કલોઝર પૈકીની છે તે અંગેની હકીકત દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** વિશેષતઃ અપીલના અનુસંધાને મુળ અરજીના ક્રમ નં.૨થી૪, ૬થી૯,૨૧થી૨૩ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની જણાય છે જયારે ૧૪,૧૫ અને ૨૪ એસીબીને સ્પર્શતી તેમજ ૧૯,૨૦ દફતરી હકીકતને લગતી આપી શકાય તેવી માહિતી અંગે વિગત સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૨૩ તા.૧–૨–૧૨ થી તત્કાલીન એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અધુરી, ગેરમાર્ગે દોરનારી, ઉડાઉ માહિતીના દાવા અંગે મુદ્દાવાર આધાર સહ રજુઆત કરવા સાથે તેમણે ગુમાસ્તા નોંધણી કાયદો તથા વ્યવસાયવેરા નિયમોની જોગવાઈ જે જાહેર દસ્તાવેજ છે તેનો સંદર્ભ કરેલ છે કે કેમ ? તેની સ્પષ્ટતા કરવા પણ પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૬૮૮ તા.૧૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૮૮ તા.૨૩–૧૨–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૦૩–૧૨–૧૧ ની અરજીથી ગુમાસ્તાધારા અને વ્યવસાયવેરાના લાઈસન્સો બાબતેની મુદ્દા નં.૧ થી ૨૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા વ્યવસાય વેરા વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૮૮ તા.૨૩–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે અધૂરી, ગોળ ગોળ સમજયા વગરની અને ખોટી અને ઉડાઉ માહિતી આપ્યાની રજૂઆત કરી તા.૨૩–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જેમાં મુદ્દા નં.(૧) ગુમાસ્તા અને વ્યવસાય વેરા હેઠળ લાયસન્સો મેળવવા કયા કયા પુરાવાઓ રજુ કરવાના હોય અને આવા પુરાવાઓમાં વેરાબીલ / રસીદમાં પાવર ઓફ એટર્નીનું નામ હોય તો તે પાવર ઓફ એટર્ની રજુ કરવી ફરજીયાત છે કે નહી તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સંસ્થાની નોંધણી કરાવવા બાબતે સંસ્થાના માલિકે નિયત નમુના ફોર્મ–એ સાથે સંસ્થા જે જગ્યાએ આપી હોય તેવી જગ્યાનું મ્યુ. સીધાવેરાનું બીલ/રસીદ વેરાબીલમાં નામ ન હોય તો મિલ્કત વપરાશના પુરાવા જેવા કે ભાડા કરાર, સંમતિપત્રક કબ્જા રસીદ વિગેરે તેમજ સંસ્થાના માલિકી સ્વરૂપના પુરાવા જેવા કે, ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી ડીડની નકલ પ્રાઈવેટ લીમીટેડ હોય તો આર્ટીકલ્સ ઓફ મેમોરેન્ડક ઓફ એસોસીએશન વિગેરે તેમજ કામકાજના પુરાવાઓ રજૂ કરવાના હોય છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં જે માહિતી માંગવામાં આવેલી છે તેના જવાબમાં હમોને અધૂરી માહિતી આપવામાં આવેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં અધૂરી માહિતી શું છે તેવી કોઈ વિગતો રજૂ કરવામાં સફળ રહેલ નથી.

મુદ્દા નં.(૨) ગુમાસ્તા અને વ્યવસાયવેરાના લાયસન્સો રદ કરવા કાર્યવાહી અંગેની માહિતી અને તે કોણ કરે છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગુમાસ્તા અને વ્યવસાયવેરાની નોંધણી રદ કરવા સંસ્થાના માલિકે ધંધો બંધ કર્યા પછી અરજી કર્યાથી રદ કરવામાં આવે છે સદર કામગીરી વરાછાઝોન ધ્વારા કરવામાં આવે છે.જે બાબતે અરજદારની કોઈ તકરાર નથી.

મુદ્દા નં.(૩) ગુમાસ્તા અને વ્યવાસયવેરાના લાઈસન્સો ઈસ્યુ કરવાની કાયદેસરની સમય મર્યાદા જણાવવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગુમાસ્તાધારા અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૭(૨) મુજબ પત્રક અને ફી મળે એટલે ઈન્સ્પેકટરે પત્રકના ખરાપણા વિશે પોતાની ખાતરી થયેથી ઠરાવવામાં આવે તેવી રીતે સંસ્થાઓના રજીસ્ટરમાં તે સંસ્થાનું રજીસ્ટ્રેશન કરી અને ઠરાવેલા નમુના પ્રમાણે રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર માલિકને કાઢી આપવાની જોગવાઈ છે. જે અંગે અરજદારે અપીલમાં હમોએ સમય મર્યાદા બાબતની માહિતી માંગેલ પરંતુ જાહેર માહિતી અધિકારી પૂર્વઝોન સાહેબે હમોને ગોળ ગોળ ફેરવતા હોય તે રીતે સ્પષ્ટ માહિતી આપવાના બદલે ગોળ ગોળ જવાબ આપેલ છે. તેવી રજૂઆત કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ લાયસન્સ કાઢી આપવા માટે કાયદામાં કોઈ સમય મર્યાદા હોય કે નિતિ નિયમોના આધારે નકકી થયેલ હોય તો તેવી માહિતી પૂરી પાડવાની રહે.

મુદ્દા નં.(૪) ગુમાસ્તા અને વ્યવસાયવેરાના લાઈસન્સો માટેની અરજી અરજદારે કરેલ વેચાણ અંગેની આખી બીલ બુક રજૂ કરવાની થાય તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમના ધ્વારા માંગવામાં આવેલ આવી કોઈ માહિતી વરાછાઝોનના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં માંગેલ માહિતીના જવાબમાં હમોને તેમના ધ્વારા માંગવામાં આવેલ આવી કોઈ માહિતી વરાછાઝોનના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. જેવા જવાબે આપીને કાયદાનો સરેઆમ મજાક બનાવી કાયદાની હાંસી ઉડાવવા બરાબર જવાબ આપેલ છે. ધંધો શરૂ કર્યા અંગે લાયસન્સ મેળવવાના આધાર પુરાવા તરીકે જો આવી વિગતો માંગવામાં આવતી હોય તો તેની હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે.

મુદ્દા નં.(૫) ગુમાસ્તા અને વ્યવસાયવેરા વિભાગમાંથી જુના લાઈસન્સો રદ કરી એક જ દિવસમાં નવા ઈસ્યુ કરવામાં આવે છે તે ગુ.ધા. લાઈસન્સ નં.ઈ.ઝેડ/એસ/નાના વરાછા/ ૪૦૨ ,૪૩૬ અને તેનું વ્યવસાયવેરાનું લાઈસન્સ રદ કરવા એક અઠવાડીયા જેટલો સમય લેવામાં આવેલ છે તે અંગે વિસ્તૃત માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમના ધ્વારા માંગવામાં આવેલ આવી કોઈ માહિતી વરાછાઝોનના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં માંગેલ માહિતીના જવાબમાં હમોને તેમના ધ્વારા માંગવામાં આવેલ આવી કોઈ માહિતી વરાછાઝોનના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. જેવા જવાબે આપીને કાયદાનો સરેઆમ મજાક બનાવી કાયદાની હાંસી ઉડાવવા બરાબર જવાબ આપેલ છે. જેમાં અરજદારે લાયસન્સ રદ કરવા અઠવાડીયા જેટલો સમય લેવામાં આવેલ છે તેવું વિધાન વાકય કરેલ છે અને અપીલ તબકકે તક આપવા છતાં તેમાં કેવી માહિતી જોઈએ છે તેવી કોઈ સ્પષ્ટતા કરેલ નથી.

મુદ્દા નં.(૬) ગુમાસ્તા અને વ્યવાયવેરા અધિકારીઓ અરજદારોની દુકાને કયા કાયદા /પરીપત્ર/આદેશ અનુસાર વિઝીટ કરે છે અને આવી વીઝીટમાં અધિકારીઓ શું તપાસ કરે છે અને તે અંગેનો રીપોર્ટ બનાવે છે કે નહીં તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુંબઈ દુકાનો સંસ્થાઓના અધિનિયમ–૧૯૪૮ હેઠળ તપાસ કરવામાં આવે છે અને ધારાની જોગવાઈઓ મુજબ તપાસ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં માહિતી અધૂરી અને સમજયા વગર આપેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. જેમાં વીઝીટમાં અધિકારી શું તપાસ કરેલ છે તેમાં કાયદાની જોગવાઈઓ મુજબ તપાસ કરવામાં આવે છે તેવી માહિતી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. રીપોર્ટ બનાવે છે કે નહીં તેની વિગત આપેલ નથી. જે દફતરી વિગતે આપવી રહે.

મુદ્દા નં.૭ ગુમાસ્તાધારા અને વ્યવસાયવેરો અધિકારીઓ હમો અરજદારોને દુકાને લાઈસન્સ નં .ઈ.ઝેડ/એસ/નાના વરાછા/ ૪૦૨ ,૪૩૬ રદ કરાવવા કરેલ અરજી અથવા તે જગ્યા પર નવા લાઈસન્સ ઈસ્યુ માટેની અરજી સંદર્ભે કરેલી વીઝીટ અંગેનો રીપોર્ટની નકલ અને તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર ધ્વારા માંગવામાં આવેલ આવી કોઈ માહિતી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં જવાબ જોતાં જણાઈ આવે છે સદર ખાતામાં કોઈ ગેરકાયદેસર રીતે કાર્યવાહી કરવામાં આવતી હોય તે રીતે તેના જવાબમાં તેમના ધ્વારા માંગવામા આવેલ માહિતી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવા ઉડાઉ જવાબો આપી કોઈ ગેરકાયદેસર કૃત્યને છુપાવવાના પ્રયાસરૂપે આવો જવાબ આપેલ હોય તેવું જણાઈ આવે છે. તેવી રજૂઆત કરેલ છે. જે અંગેની માહિતી દફતર ઉપર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે જેથી લાયસન્સ રદ કે લાયસન્સ ઈસ્યુ રજીસ્ટરની તપાસણી આપવાની રહે.

મુદ્દા નં.(૮) આજ રોજ તા.૨–૨–૧૧ અને ૩–૨–૧૧ ના રોજ હમો અરજદારનું ઈસ્યુ થયેલ ગુમાસ્તા લાઈસન્સ અને વ્યવસાયવેરા લાઈસન્સ નાણા ભર્યાની રસીદો કોની કસ્ટડીમાં છે તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર ધ્વારા માંગવામાં આવેલ આવી કોઈ માહિતી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં જવાબ જોતાં જણાઈ આવે છે સદર ખાતામાં કોઈ ગેરકાયદેસર રીતે કાર્યવાહી કરવામાં આવતી હોય તે રીતે તેના જવાબમાં તેમના ધ્વારા માંગવામા આવેલ માહિતી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવા ઉડાઉ જવાબો આપી કોઈ ગેરકાયદેસર કૃત્યને છુપાવવાના પ્રયાસરૂપે આવો જવાબ આપેલ હોય તેવું જણાઈ આવે છે. તેવી રજૂઆત કરેલ છે. નાણા ભર્યાની રસીદની વિગતો દફતરી ઉપલબ્ધ હોવાનું અનુમાનિત છે. વધુમાં આવા નાણા વસુલ કરતાં કર્મચારી કે ટ્રેઝરીની કામગીરી બજાવતાં કર્મચારી હોવાનું અનુમાનિત છે. તેથી તે અંગેની દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે.

મુદ્દા નં.૯ આવા નવા ઈસ્યુ થયેલ લાઈસન્સો પટાવાળાઓ કે કોઈ પણ અધિકારી કચેરીની બહાર કે પોતાની અંગત કસ્ટડી કે રજાના દિવસે પોતાની સાથે કયા કાયદાનુસાર રાખી શકે તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર ધ્વારા માંગવામાં આવેલ આવી કોઈ માહિતી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં જવાબ જોતાં જણાઈ આવે છે સદર ખાતામાં કોઈ ગેરકાયદેસર રીતે કાર્યવાહી કરવામાં આવતી હોય તે રીતે તેના જવાબમાં તેમના ધ્વારા માંગવામા આવેલ માહિતી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવા ઉડાઉ જવાબો આપી કોઈ ગેરકાયદેસર કૃત્યને છુપાવવાના પ્રયાસરૂપે આવો જવાબ આપેલ હોય તેવું જણાઈ આવે છે.તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૯ અંગે હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

મુદ્દા નં.(૧૦) આમ કોઈ પટાવાળા કે અધિકારી પોતાની અંગત રજામાં કે કામકાજના દિવસે કચેરીની બહાર પોતાની અંગત કસ્ટડીમાં રાખેલ હોય તો કયા અધિકારીશ્રી ને અંગેની ફરીયાદ કરવી તેનું નામ , હોદ્દો અને સરનામા આપવા બાબત. તેવા પ્રશ્ન જાહેર માહિતી અધિકારી તરફથી કાર્યપાલક ઈજનેરશ્રી, વરાછાઝોન, સુરત મહાનગરપાલિકા. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૦ અંગે અરજદારની કોઈ તકરાર નથી.

મુદ્દા નં.(૧૧) વ્યવસાયવેરાના લાઈસન્સ માટે નવા અરજદારો નવા લાઈસન્સ માટે અરજી કરે ત્યારે તેનો વ્યવસાય વેરો કયા પરીબળોને આધારે નકકી કરવામાં આવે છે તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગુજરાત પંચાયતો નગરપાલિકા, મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજય વ્યવસાય વ્યાપારધંધા અને રોજગાર અધિનિયમ–૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળ વ્યવસાયવેરો નકકી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં જે માહિતી માંગેલ છે તેવી માહિતી આપવામાં આવેલ નથી. અરજદારે કયા પરીબળોના આધારે વ્યવસાયવેરો નકકી થાય છે જે અંગે રાજય વ્યવસાય વેપાર ંધધા અને રોજગાર અધિનિયમ–૧૯૭૬ ની જોગવાઈ હેઠળ નકકી થાય છે તેવી માહિતી પૂરી પડાયેલ છે.અને કાયદો જાહેર બાબત છે. અરજદાર તેનો સંદર્ભ કરી શકે છે તેમ છતાં કચેરીમાં લાગત અધિકારીનો સંપર્ક કરીને પણ સમજણ મેળવવા સ્વતંત્ર છે.

મુદ્દા નં.(૧૨) ગુમાસ્તા વિભાગમાં પટાવાળાની હેસીયતથી કામ કરતાં ટી.એન. રાજપુત ઉર્ફે ઠાકોરની સત્તા અને તેની ફરજો અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પટાવાળા તરીકેની ફરજ. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં અપીલ કરનારે પટાવાળાની શું ફરજ છે તેવી માહિતી માંગેલ છે પરંતુ હમોને સદર કચેરીએથી જવાબ ન આપવા આવો ખોટા જવાબો આપેલ છે. તેવા પ્રશ્ન બાબતે પટાવાળાની હેસીયતથી કામ કરતાં કર્મચારીની ફરજો પટાવાળાની તરીકે જે ફરજો હોય તે આવે તેવી માહિતી પૂરી પાડેલ છે. જે પર્યાપ્ત નથી આ હોદ્દા પર કર્મચારી ધ્વારા કરવામાં આવતી નિયત કામગીરી ફરજનું વર્ણન આપવું રહે. જે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાનું છે.

મુદ્દા નં.(૧૩) નવા લાઈસન્સો મેળવવા પુરાવામાં મિલ્કત, વેરીબલ/રસીદ માં પાવર ઓફ એટર્ની હોલ્ડરનું નામ હોય તો વધુ પુરાવા તરીકે પાવર ઓફ એટર્ની કયા કારણોસર મંગાવવામાં આવે છે તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમના ધ્વારા માંગવામાં આવેલ આવી કોઈ માહિતી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં માંગેલ માહિતી આપેલ નથી તેના જવાબમાં ઉડાઉ

જવાબ આપેલ છે. જે અંગે દફતરી રેકર્ડ ઉપર તેવી માહિતી ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. પરંતુ આ દસ્તાવેજ મંગાવેલ હોય તો તેની વૈધાનિક જોગવાઈ જણાવવી રહે.

મુદૃા નં.(૧૪) ગુમાસ્તા અને વ્યવસાયવેરા અધિકારીઓ ખોટી કાર્યવાહી કરી અરજદારની અરજી વિલંબે નાંખે તો તે અંગેની ફરીયાદ કયા અધિકારીને કરવી તેનું નામ, હોદ્દો અને સરનામું જણાવવા વિનંતી. મુદ્દા નં.(૧૫) ગુમાસ્તા અને વ્યવસાયવેરા અધિકારીઓ લાઈસન્સો રદ કરવા કે નવા ઈસ્યુ કરવા લાંચ માંગે તો કોને ફરીયાદ કરી શકાય તેનું નામ સરનામું અને હોદ્દો જણાવવા વિનંતી. તેવા પ્રશ્ન નં.૧૪ અને ૧૫ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કાર્યપાલક ઈજનેરશ્રી, વરાછાઝોન, સુરત મહાનગરપાલિકા. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૪ અને ૧૫ અંગે કોઈ તકરાર નથી.
મુદ્દા નં.(૧૬) તા.૧–૯–૧૧ થી તા.૩૦–૧૧–૧૧ સુધીમાં એક જ દિવસે (તારીખે) જુના લાઈસન્સો રદ કરી નવા ઈસ્યુ કરવામાં આવેલ હોય તેવા કેટલા લાઈસન્સો અત્રેની કચેરીએથી ઈસ્યુ થયેલ છે (સંખ્યામાં) તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમના ધ્વારા માંગવામાં આવેલ આવી કોઈ માહિતી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં માંગેલ માહિતી આપેલ નથી તેના જવાબમાં ઉડાઉ જવાબ આપેલ છે. જેમાં માહિતી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવા ઉડાઉ જવાબો આપી કોઈ ગેરકાયદેસર કૃત્યને છુપાવવાના પ્રયાસરૂપે આવો જવાબ આપેલ હોય તેવું જણાઈ આવે છે. જે અંગેની માહિતી દફતર ઉપર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે જેથી લાયસન્સ રદ કે લાયસન્સ ઈસ્યુ રજીસ્ટર આધારે રદ અને ઈસ્યુની વિગત આપવી રહે. અને ન હોય તો તેમ જણાવી દફતરની તપાસણી આપવાની રહે.

મુદૃા નં.(૧૭) હમો અરજદારની દુકાને ૧ અંબિકાનગર, પાણીની ટાંકી સામે, ચીકુવાડી, વરાછારોડ, સુરત ખાતે કયા અધિકારી વીઝીટ માટે આવેલા તેનું નામ અને હોદ્દા જણાવવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એમ.સી.ફોટાગ્રાફર–દુકાનધારા નિરીક્ષક. તેવું જણાવેલ છે. તેથી તે અંગે કોઈ તકરારને સ્થાન નથી.

મુદા નં.(૧૮) ગુમાસ્તા અને વ્યવસાયવેરા વિભાગનો કામકાજનો ચોકકસ સમય જણાવવા વિનંતી. વરાછાઝોન ખાતે નાગરીક સુવિધા કેન્દ્રમાં ગુ.ધા. અને વ્ય.વેરાના લાઈસન્સો પ્રીન્ટ કરવામાં આવે છે તો તા.૨૪–૧૧–૧૧ થી ૩–૧૨–૧૧ સુધીમાં કેટલા સમયે કેટલીવાર સીસ્ટમ બંધ હતી તે માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સવારે ૧૦.૩૦ થી ૨.૩૦ અને ૩.૦૦ થી ૬.૧૦ તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં માંગેલ માહિતી અધુરી આપવામાં આવેલ છે. તા.૨૪–૧૧–૧૧ થી તા.૩–૧૨–૧૧ સુધી વ્યવસાય વેરાના લાયસન્સો પ્રિન્ટ કરવામાં આવે છે તેની સીસ્ટમ કેટલો સમય બંધ હતી તેની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડેલ નથી. જે પૂરી પાડવી રહે.

મુદ્દા નં.(૧૯) હમો અરજદારનું નવુ ગુમાસ્તા અને વ્યવસાયવેરા અંગેનું લાઈસન્સ કયા કારણોસર ઈસ્યુ કરવામાં આવતું ન હતું તે અંગેની માહિતી. મુદૃા નં. (૨૦) હમો અરજદારના ભાઈ કીર્તીભાઈ રામજીભાઈ તે હિન્દુસ્તાન શીપીંગ પ્લાયના પ્રાયમરનું લાઈસન્સ કયા કારણોસર રદ ન કરવા બાબતની માહિતી. મુદ્દા નં.(૨૧) ગુમાસ્તા તથા વ્યવસાય વેરા લાઈસન્સો મેળવવાના પુરાવામાં વેરાબીલ/રસીદમાં સોસા.નું નામ ચાલી આવતુ હોય તો લાઈસન્સો ઈસ્યુ કરવામાં આવતા હોય તો તે અંગેની માહિતી. મુદ્દા નં.(૨૨) વેરાબીલ/રસીદમાં સોસા.નુ નામ ચાલી આવતું હોય અને હાલના કબ્જેદાર પાસે કબ્જા ફાઈલ ન હોય તો લાઈસન્સો મેળવી શકાય તો તે અંગેની માહિતી મુદ્દા નં.(૨૩) વેરાબીલ/ બીલ/રસીદો માં સોસા.નું નામ ચાલતું હોય અને મિલ્કતના માલીકોએ ભાડા કરાર કરી આપેલ હોય છતાં મીલ્કતની કબ્જા રસીદ કયા ધારા ધોરણ /કાયદા/ કે પરીપત્રોને કયા આધારે માંગવામાં આવે છે તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન નં.૧૯ થી ૨૩ બાબતે તેમના ધ્વારા માંગવામાં આવેલ આવી કોઈ માહિતી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં મુદ્દા નં.૧૯ થી ૨૩ બાબતે માંગવામાં આવેલી માહિતી હમોને આપવામાં આવેલ નથી પરંતુ આવી માહિતી છુપાવવાના ફળ રૂપે તેમના ધ્વારા માંગવામાં આવેલ માહિતી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી આવો ઉડાઉ જવાબ આપેલ છે. મુદ્દા નં.૧૯ માં અરજદારે કયા કારણસર લાયસન્સ ઈસ્યુ કરવામાં આવતું ન હતું તો તે અંગે જો અરજદારે અરજી કરેલ હોય અને અરજદારને લાયસન્સ ઈસ્યુ કરેલ હોય તો તે અંગેના ફોર્મ ઉપરની અથવા નોંધ વિભાગ પરની જે કંઈ નોંધ કે રીમાર્કસ હોય તો તેની વિગત પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૨૦ થી ૨૩ માં અરજદારને કોઈ માહિતી આપેલ હોય તેવું જણાતું નથી. જે અંગે દફતરી ઉપલબ્ધ અને હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

મુદૃા નં.(૨૪) ગુમાસ્તા અને વ્યવસાયવેરા અધિકારીઓ અરજદાર પાસે કોઈ નાણાકીય લાભ ઈચ્છતા હોય જેને કારણે અરજદારો લાઈસન્સો મેળવવાની અરજીઓ વિલંબિત કરતા હોય તો ત્યારે કઈ શાખા/ બ્રાંચમાં તે અધિકારી વિરુધ્ધ ફરીયાદ નોંધાવી શકાય તે અંગેની નામ, સરનામું તથા તે કચેરીનો કોન્ટેકટ નંબર જણાવવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કાર્યપાલક ઈજનેરશ્રી, વરાછાઝોન, સુરત મહાનગરપાલિકા. ફોન નં.૨૫૪૭૭૫૦–૨૫૫૧૩૬૩. જે અંગે અરજદારે અપીલમાં કોઈ તકરાર ઉપસ્થિત કરેલ નથી.

સમગ્ર હકીકત જોતાં અરજદારે મુદ્દા નં.૩ માં કાયદાકીય કોઈ સમય મર્યાદા કે નિતિ નિયમો હોય તો તે અંગેની સમય મર્યાદા અંગેની માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૪ માં લાયસન્સ મેળવતી વખતે ધંધો શરૂ કરવા અંગે બીલ બુકના આધાર પુરાવા માંગવામાં આવતા હોય તો તે પુરા પાડવાના રહે. મુદ્દા નં.૫ માં અરજદારે વિધાન વાકય કરેલ છે અને તેમાં કોઈ સ્પષ્ટતા માંગેલ નથી. મુદ્દા નં.૬ માં રીપોર્ટ બનાવેલ છે કે નહી તેની કોઈ વિગતો આપવામાં આવેલ નથી. મુદ્દા નં.૭ અને ૧૬ માં દફતરે ઉપલબ્ધ નથી પરંતુ લાયસન્સ રદ કે ઈસ્યુ રજીસ્ટર હોય તો તેવા દફતરની અરજદારને તપાસણી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૮ માં નાણા ભર્યાની રસીદ હોવાનું અનુમાનિત છે વધુમાં તે જેના કબ્જામાં રહેતી હોય અથવા તો કામગીરી કરતાં હોય તેવા કર્મચારીની માહિતી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૯ માં કામગીરી થતી હોય તો અંગેની હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૧૮માં વરાછાઝોન ખાતે વ્યવસાયવેરાના લાયસન્સોના પ્રિન્ટ કરવામાં આવતી સીસ્ટમ તા.૨૪–૧૧–૧૧ થી તા.૩–૧૨–૧૧ સુધી સીસ્ટમ બંધ રહેવા પામેલ હોય તો બંધ રહેવા બાબતેની માહિતી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૨૦ થી ૨૩ ની કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. જયારે અન્ય મુદ્દાઓ ૨,૧૦,૧૪,૧૫,૧૭,૨૪ બાબતે અરજદારની કોઈ તકરાર નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની અને વૈદ્યાનિક જોગવાઈ સ્વરૂપની માહિતી અંગે વિગતોસહ પક્ષ રજૂ કરવા જણાવવા છતાં કોઈ રજૂઆત કરેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૩–૧–૧૨ ધ્યાને લેતાં ૨૧–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૦૭–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૩–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૩,૪,૬,૮,૯,૧૨,૧૩,૧૮,૧૯,૨૦ થી ૨૩ ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રે ની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા તથા મુદ્દા નં.૭ અને ૧૬ અંગે લાયસન્સ રદ અને ઈસ્યુ અંગે રજીસ્ટરની તપાસણી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અનિલભાઈ રામજીભાઈ ધાનાણી,